### મેઘરજના બાંઠીવાડા ગામ નજીક

# સગીરાનો ત્રણ શખ્સો દ્વારા અપહરણનો પ્રયાસ

### બુમાબુમ કરતા એક વ્યક્તિએ બચાવી

મેઘરજ, તા.૩૦

અરવલ્લી જીલ્લામાં ગુંડાગર્દી, અપહરણ અને હત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં ઉણી ઉતરી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર સામે આવી રહ્યા છે મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામ નજીક હીરાટીમ્બા ચોકડી નજીકથી ૧૪ વર્ષીય સગીરા તેની બહેનપણીઓ સાથે ચાલતી પસાર થતા બાઈક પર ત્રણ શખ્શો પહોંચી સગીરાનો અપહરણનો પ્રયાસ કરતા સગીરા ગભરાઈ બુમાબુમ કરતા એક નજીકમાંથી પસાર થતા રાહદારીએ સગીરાને અપહરકારોના ચુંગાલ માંથી છોડાવતા અપહરણનો પ્રયાસ નિષ્ફળ રહેતા ત્રણે શખ્શોએ રાહદારીને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા અપહરણની ઘટનાના પગલે મેઘરજ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથધરી છે

મેઘરજના રાજપુર (કેનાલ) ગામની ૧૪ વર્ષીય સગીરા તેની બહેનપણીઓ સાથે બાંઠીવાડા ગામ નજીક હીરાટીમ્બા ચોકડી નજીકથી ચાલતી ચાલતી પસાર થઈ રહી હતી ત્યારે બાઈક પર ૧)વાઘાભાઈ હુરમાભાઈ ડામોર ,૨)શનાભાઈ હીરાભાઈ ડામોર અને ૩)નરસિંહભાઈ નામના ત્રણ શખ્શો ધસી આવી વાઘા હુરમા ડામોર નામના શખ્શે સગીરાને મારે તને બયરી બનાવવી છે કહી બળજબરી પૂર્વક અપહરણનો પ્રયત્ન કરતા સગીરા અને સાથે રહેલી બહેનપણીઓએ બચવા માટે બુમાબુમ કરતા નજીકમાંથી પસાર થતા મોહનભાઈ રૂપાભાઈ ડામોર નામના રાહદારી દોડી આવી સગીરાનું બાઈક પર થતું અપહરણ અટકાવતા બાઈક પર આવેલા ત્રણે શખ્શોએ મોહનભાઈ રૂપાભાઈ ડામોરને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી.

મેઘરજ પોલીસે ૧૪ વર્ષીય સગીરાની ફરિયાદના આધારે વાઘાભાઈ હુરમાભાઈ ડામોર, ૨) શનાભાઈ હીરાભાઈ ડામોર અને ૩) નરસિંહભાઈ (ત્રણે રહે,રાયવાડા, તા-મેઘરજ ) વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી ત્રણે શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના આગીયોલ ગામે રામદેવપીરના મંદિરે વસંત પંચમીએ ભવ્ય માનવ મેળો ભરાયો હતો. ભગવાન રામદેવપીરને ભવ્ય છપ્પન ભોગનો અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. રામદેવપીર ભગવાનના મંદિરે દર વર્ષે બે પ્રસંગ ઉજવવામાં આવે છે. રામદેવપીર ભગવાન ના મંદિરના શિખર પર દર ભાદરવા સુદ-નોમના દિવસે નેજા ચડાવવામાં આવે છે અને મહા સુદ પાંચમને વસંત પંચમીના દિવસે ભગવાન રામદેવપીરને છપ્પન ભોગનો (અન્નકૂટ) ધરાવવામાં આવે છે. જે ભગવાનના રામદેવપીરના અને અન્નકૂટના દર્શનનો આજુબાજુના ગામના લોકો અનેરો લાભ ભક્તો લે છે. આ મેળામાં નાના મોટા સૌ કોઈ ભક્તોની માનતા પુરી થતા ગોળ, સાકર કે પેંડામાં તોલવામાં આવે છે.

# બાવન વાંટા રાજપૂત સમાજના દ્વિતીય સમૂહ લગ્નમાં દાનની સરવાણી

### સમૂહલગ્નમાં પ્રભુતામાં પગલાં પડતા નવદંપતિને સમાજના આશીર્વાદ

વડગામ, તા. ૩૦

બાવન વાંટા રાજપૂત સમાજ દ્વારા વસંત પંચમી ના પવિત્ર દિવસે યોજાયા હતા. જેમાં દાતાઓ દ્વારા દાન અને ભેટ સોગાદોની સરવાણી વહડાવવામાં આવી હતી. તો સમૂહલગ્નમાં જોડાનાર નવદંપતીઓને સમાજ દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

બાવન વાંટા રાજપૂત સમાજ દ્વારા ગુરુવારે વસંતપંચમીના દિવસે દ્વિતીય સમૂહલગ્ન જીઆઈડીસી ચેરમેન અને દાતા બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષસ્થાને યોજાયા હતા. જેમાં ૧૨ જેટલા નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સમૂહલગ્નમાં સમાજના પોલીસ, આર્મી, એસ. આર. પી., જવાનો સમાજના દાતાઓ દ્વારા દંપતીઓને ભેટ સોગાદ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંત આનંદમુર્તિ મહારાજ અને પરથીરામ મહારાજે ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. સમાજ દ્વારા ભોજનદાતા વાઘુસિંહ વિહોલ, કેસરબા જાડેજા વિદ્યાસંકુલના પ્રમુખ જે.એમ. જાડેજા, નિર્મલસિંહ વાઘેલા (ચાંગા), ભરતસિંહ ચૌહાણ (મેરવાડા), પ્રવિણસિંહ રાજપૂત (ઢેલાણા), કેશરસિંહ સોલંકી (પેપોળ) સહિત વિવિધ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમૂહલગ્ન સમિતીના પ્રમુખ એન.ડી. પરમાર અને તેમની ટીમે સફળ આયોજન કર્યું હતું.

# મોડાસા ભાવસાર યુવક મંડળની ૨૬મીએ સાધારણ સભા યોજાઈ



મોડાસા ભાવસાર યુવક મંડળની સાધારણ સભા ૨૬મી જાન્યુઆરીના રોજ વિનોદભાઈ ભાવસાર (હોટલ પૂર્ણિમા)ના મુખ્ય મહેમાનપદે જેસી હોલમાં યોજાઈ ગઈ.

સાધારણ સભામાં અતિથિ વિશેષ પદે પ્રકાશભાઈ ભાવસાર( પ્રકાશ પ્રિન્ટીંગપેસ) કુલદીપ ભાવસાર( ગાંધીનગર) તથા વિશેષ ઉપસ્થિતિ ડોક્ટર મહેશ ભાઈ ભાવસાર( ઠાસરા) ઉપસ્થિત રહેલ હતા

ભાવસાર યુવક મંડળ દ્વાર સ્પોર્ટ્સ ડે તથા દેશભક્તિના ગીતોનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો વિજેતાઓને ઈનામ વિતરણ કર્યા હતા

ભાવસાર યુવકમંડળના પ્રમુખ મેહુલભાઈ ભાવસાર, જેકી ભાવસાર ,મિનેશ ભાવસાર તથા જતીન આઈ ભાવસાર તેમજ કારોબારી સભ્યો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અરવલ્લીમાં સુવાવડ કરાવવા પિયર આવેલ દીકરીને તેના જ પરિવારજનોએ ગોંધી રાખી

### પતિએ ૧૮૧ અભયમ ટીમની મદદથી પત્ની પરત મેળવી



મોડાસા, તા. ૩૦

ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સા ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન તથા મહિલાઓ, યુવતીઓની થતી રંજાડ સામે મદદ પુરી પાડવા ૧૮૧ અભયમ હેલ્પલાઈની શરૂઆત કરવામાં આવી છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે. અરવલ્લી જીલ્લાના એક ગ્રામ્ય વિસ્તારમાં આવીજ એક ઘટના સામે આવી છે. જેમાં પિયર સુવાવડ માટે ગયેલી મહિલાને તેના પરિવારજનોએ ગોંધી રાખતા પતિએ ૧૮૧ અભયમ હેલ્પ લાઈનની મદદથી પત્નીને પરત મેળવતા પતિ-પત્ની ભેટી પડી ચોધાર આંસુએ રડી પડ્યા હતા. ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં સુવાવડ કરાવવા પિયરમાં આવેલી દીકરીને તેના પરિવારજનોએ સુવાવડ કરાવ્યા પછી તેમનો જમાઈ કઈ કામધંધો કરતો નથી અને સુવાવડનો ખર્ચો પણ વધુ થતા ખર્ચ પણ ન આપતા પરિવારજનોએ તેમની દીકરીને ૧૨ મહિનાથી સાસરીએ મોકલવાની ના પડી દેતા પતિએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ લેતા અરવલ્લી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના કાઉન્સિલર શિલ્પા ગામીત અને કોન્સ્ટેબલ પિન્ટુ મકવાણા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચતા પિયરમાં સુવાવડ કરવા આવેલ મહિલાએ તેના પપ્પા તેને પતિ સાથે જવા દેતા ન હોવાનું જણાવતા કાઉન્સિલરે યુવતીના પિતા અને પરિવારજનોને સમજાવી કાયદાનો ડર બતાવતા જમાઈ પાસે સુવાવડનો ખર્ચ માંગી તેની દીકરીને સાસરીમાં કઈ પણ થશે તો જવાબદારી અમારી રહેશે નહિનું લખાવી લઈ તેમની દીકરીને પતિ સાથે સાસરીએ મોકલી આપતા પિયરમાં ગોંધી રાખેલી પત્નીનો છુટકારો થતા અને પતિ-પત્નીનું ૧૨ મહિના પછી મિલન થતા ૧૮૧ અભયમ ટીમે દંપતીનો લગ્ન સંસાર તૂટતો અટકાવામાં સફળતા મળી હતી.

### લટકતી લાશોનો... આત્મહત્યાનો જીલ્લો બન્યો અરવલ્લી

# મેઘરજમાં યુવતીએ ગળે ફાંસો ખાધો, માલપુર વાત્રક નદીમાં યુવક ખાબકતા મોત



મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં લટકતી લાશો મળવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ગુજરાતના અરવલ્લી જિલ્લાના સાયરા(અમરાપુર)ની ૧૯ વર્ષીય કોલેજિયન ગર્લના અપહરણ, ગેંગરેપ અને હત્યા કેસમાં હજૂ સુધી કોઈ ઉકેલ આવી શક્યો નથી. ભિલોડાની હાથમતી નદી પાસેથી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવેલી લાશ પિયરપક્ષના લોકોએ મહિલાની હત્યા કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે ૬ દિવસથી મૂકી રાખી અંતિમક્રિયાથી વંચિત રાખી છે તેમજ માલપુરમાં સગીર પ્રેમી પંખીડાની ડુંગર પરથી સજોડે આત્મહત્યા કરી લીધા હતા ત્યાં ફરીથી મેઘરજમાં નર્સિંગ કરતી અને પોસ્ટ ઓફિસ નજીક મકાન ભાડે રાખી રહેતી રાજસ્થાનના દેવલ ગામની યુવતીનો ઘરમાંથી લટકતો મૃતદેહ મળી આવતા અને માલપુર નજીકથી પસારથતી નદીમાં યુવક પડી જતા મોત નિપજતા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી.

માલપુરના વાત્રક નદીના પુલ પર બેઠેલો ૧૫ વર્ષીય યુવક અચાનક પાળી પરથી નદીમાં ખાબકતા મોત નીપજ્યું હતું માલપુરના ગલિયાદાંતી શૈલેષ શંકરભાઈ ખાંટ નામનો યુવક બેપોરે ઘરેથી નીકળી વાત્રક પુલ પર પહોંચી પુલની કિનારી પર બેઠા પછી અચાનક પાળી પરથી નદીમાં ખાબકતા લોકો દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડની ટીમને જાણ કરાતા ભારે શોધખોળ પછી ૧૫ વર્ષીય સગીરનો મૃતદેહ મળી આવતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક સગીરે આત્મહત્યા કરી કે આકસ્મિક રીતે નદીમાં ખાબક્યો તે કોયડો વણ ઉકેલ્યો રહ્યો છે.

મેઘરજની ખાનગી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી. રાજસ્થાનના દેવલની યુવતી મેઘરજમાં નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી અને પોસ્ટ ઓફિસ નજીક ભાડાના મકાનમાં રહેતી યુવતીનો તેની રૂમમાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો મૃતદેહ મળી આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી પરિવારજનોને જાણ કરી મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મા વિધાનસભા વિસ્તારમાં ૨૪.૯૨ કરોડના રસ્તાઓ મજૂર

ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા વિધાનસભા વિસ્તારમાં ખેડબ્રહ્મા, પોષીના અને વિજયનગર તાલુકાનો સમાવેશ થાય છે જેના રસ્તાઓ બાબતે લોકોની રજૂઆતને ખેડબ્રહ્મા વિધાનસભાના ભાજપના કાર્યકરો અને પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા અને સાસદ દિપસિંહ રાઠોડ ધ્વારા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ને રજૂઆત કરી રસ્તાઓની માગણી કરવામાં આવી હતી જેને લઈ કાચા રસ્તામાથી ડામરના નોન પ્લાન રસ્તાઓમાં પાટડિયા થી પાથોરા ૧.૩૦ કરોડ, હિગટિયાથી પિપોદરા આશ્રમ સાળા સૂધી ૧.૫૦ કરોડ મળી કુલ ૯.૩૮ કરોડના ૧૦ રસ્તાઓ તથા સાત વર્ષ બાદ રિસર્ફેસિંગ વાળા રસ્તાઓમાં પોષીના પેટા છાપરા ગૂંદીફળી રોડ ૧.૩૦ કરોડ વિજયંગરના ડગલાં એપ્રોચ રોડ ૧ કરોડ મળી કુલ ૩.૭૩ કરોડના પાંચ રસ્તાઓ તથા pmgsyમાં ૬૫ લાખનો રોડ અને રિસાર્ફેસિંગ નોન પ્લાનમાં સાલેરાથી વલસાડી ૧.૦૨ કરોડના સહિત કુલ ૩.૯૬ કરોડના રોડ સાથે નાના કોઝવે અને સકડ પૂલ પર નવા પુલ બનવાવમાં કલોલ નાકાથી સંગરમપુરા રોડ ૫ કરોડ મળી ૨૪.૯૨ કરોડના રસ્તાઓ મજૂર કરવામાં આવતા વિધાનસભા વિસ્તારના લોકોમાં આનંદની લગાઈ ફેલાઈ હતી.

# દાંતા મુકામે તાલુકા કક્ષાનો આશા સંમેલન અને સન્માન સમારોહ યોજાયો




અંબાજી

દાંતા મુકામે તાલુકા કક્ષાનો આશા સંમેલન અને સન્માન સમારોહ યોજાયો જેમાં તાલુકાના ધારાસભ્ય શ્રી કાન્તીભાઈ ખરાડી અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એ હાજરી આપી હતી. તાલુકાના કુલ ૨૭૦ આશા બહેનો પૈકી સારી કામગીરી કરનાર આશાબેનને ધારાસભ્યશ્રી અને તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી અને તાલુકાના મેડીકલ ઓફિસરશ્રી ઓ ના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. તાલુકાની આશા બહેનો દ્વારા વિવિધ આરોગ્યલક્ષી બાબતો જેવી કે બાળકોનું રસીકરણ, ટીબીના દર્દીની સારવાર, નવજાત બાળકની આશાબેન દ્વારા તપાસ, સગર્ભા બેનની ગૃહ મુલાકાત, બાળકોના કુપોષણ અંગે ની તપાસણી, જોખમી માતા અને જોખમી બાળકની ઓળખ વગેરે વિષયો ઉપર નાટિકા ભજવવામાં આવી. ગ્રામ્ય કક્ષાએ કામગીરી કરવામાં આશા બહેનોને પડતી મુશ્કેલીઓ જાણી સૌનો આભાર માની સમારોહ પૂર્ણ કરવામાં આવ્યો.

## વાંકાનેર ગામમાં શ્રી કાલીકા માતાજી નુતન મંદિરમાં નવ કુંડી-મહાયજ્ઞ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં શ્રી કાલીકા માતાજી નુતન મંદિરમાં શ્રધ્ધાભેર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે તેમ આયોજકોએ જણાવ્યું હતું. વાંકાનેર ગામ સમસ્ત મુખ્ય યજમાન સોની પરીવાર ધ્વારા ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

નવ કુંડી-મહાયજ્ઞ શુભારંભ તા.૩૧/૧/૨૦૨૦ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે અને પુર્ણાહુતિ તા.૨/૨/૨૦૨૦ ને રવિવારના રોજ સવારે ૧૧:૩૯ થી ૧૨:૩૯ સુધી અભિજીત મુર્હુતમાં શ્રી કાલીકા માતાજીની મુર્તીની પ્રાણ પ્રતિષ્ઠા, મહાઆરતી, મહા પ્રસાદીનો ભવ્યાતિભવ્ય ધાર્મિક કાર્યક્રમ ધામધુમથી યોજાશે.

શ્રી મહાકાલી માતાજીના મંદિર ઉપર અલૌકિક ભવ્યાતિભવ્ય નજારો માણવા ભાવિક ભક્તો ઘોડાપુર ઉમટશે હેલીકોપ્ટર ધ્વારા પુષ્પવૃષ્ટીનું ભગીરથ આયોજન કરાયું છે. શ્રધ્ધાળુ ભાવિક ભક્તો કાલીકા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવશે.

### અરવલ્લીમાં ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ખાતે

# ગાંધી નિર્વાણ દિને અધિકારી કે પદાધિકારી ફરક્યા પણ નહિ




મોડાસા, તા. ૩૦

અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૧મી નિર્વાણ દિવસની ઉજવણીના ભાગરૂપે દેશવાસીઓ શ્રદ્ધા સુમન અર્પણ કરી રહ્યા છે. નેતાઓ દરેક ભાષણમાં મત મેળવવા યાદ કરે છે, દરેક સરકારી મોટી ઓફિસો અને અધિકારીઓની કચેરીમાં બાપુની તસવીરો ટીંગાળી સત્ય અને ભ્રષ્ટાચાર વિરોધી હોવાની છબી ઉપસાવવા મથામણ કરતા હોય છે, પરંતુ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલ ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ગાંધી સ્મારક પ્રચલિત છે. નિર્વાણદિન નિમિત્તે આ સ્થળે જિલ્લામાંથી એકેય અધિકારી કે પદાધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું સુજ્યું ન હતું. જાણે બાપુ એકલા હોય અને બાપુને સ્વાર્થ પુરતા જ યાદ કરવામાં આવતા હોય તેવો ઘાટ સર્જાયો હતો.

મોડાસાના મહાદેવગ્રામ (બાકરોલ) નજીક ડુંગર પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અસ્થીનું વિસર્જન કરવામાં આવ્યું છે અને સમાધિ સ્થળ બનાવી મીની રાજઘાટમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે. ૧૫૧મી ગાંધી નિર્વાણ દિવસે પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, સામાજિક કાર્યકર નિલેશ જોશી, દેવરાજધામમાં મહંત ધનગીરી બાવજી, અમિત કવિ, કમળાબેન પરમાર, હિમાંશુ વ્યાસ અને સહીત ગણ્યા ગાંઠ્યા લોકોએ પુષ્પાંજલિ અર્પણ કરી તથા શાળાના બાળકોએ અને શિક્ષકગણે ભજન ગાઈ ગાંધી વિચાર રેલી યોજી શ્રદ્ધા સુમન અર્પણ કરી હતી. સમયની સાથે અરવલ્લી જીલ્લાના અધિકારીઓ પણ બદલાયા હોય તેમ બાપુને વિસરી ગયા હોય તેમ શ્રદ્ધાંજલિ અર્પણથી દૂર રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના રાજકારણીઓને ચૂંટણી આવતાની સાથે ગાંધી બાપુના નામે મત મેળવવા મહાદેવ ગ્રામ પહોંચી મીની રાજઘાટ પહોંચી જતા હોય છે. ભાજપના કે કોંગ્રેસના એક પણ મોટા કદના નેતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું સુજ્યું ન હતું. જીલ્લાના પ્રજાનોમાં નેતાઓ શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું મુનાસીબ ન સમજતા ''હે રામ''ના શબ્દો સરી પડ્યા હતા. મહાદેવ ગ્રામ ખાતે આવેલ ગાંધી સ્મારકનું નવીનીકરણ કરવા ૫૫ લાખ ફાળવાયા છે.

# બાવળીયા-પાલ કમળપુર પ્રાથમિક શાળામાં પ્રાર્થના હોલનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૩૦




અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બાવળીયા-પાલ કમળપુર પ્રાથમીક શાળામાં લોક સહકારથી બનાવેલ પ્રાર્થના હોલ(જ્ઞાન જ્યોત) નો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.આચાર્ય લીનસભાઈ કે.ખરાડી, સ્ટાફ પરીવારના ભગીરથ પ્રયત્નો ધ્વારા લોક સહકારનું નિર્માણ થયેલ પ્રાર્થના હોલના ઉદ્‌ઘાટક રામજીભાઈ સળુભાઈ ખરાડીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.બાવળીયા-પાલ કમળપુર પ્રાથમીક શાળા આચાર્ય,સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, વાલીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રાંતિજ સહિત જિલ્લામાં ત્રિદિવસીય પોષણ અભિયાનનો પ્રારંભ કરાયો

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ અને બાલીસણા ખાતે આજથી ત્રિદિવસીય પોષણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં પોગલુ ખાતે મંત્રી દ્વારા અને બાલીસણા ખાતે અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સમગ્ર રાજ્યમાં ૩૦મી જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરીના રોજ રાજ્યની તમામ આંગણવાડીઓમાં એક પણ બાળક કુપોષિત ન રહે તેવા ઉમદાભાવ અને પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર દ્વારા પોષણ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે તો જન આંદોલન બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેમાં જિલ્લામાં પોષણ અભિયાનનો પ્રારંભ આદિજાતિ વિકાસ વન, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ગણપતભાઈ વસાવા દ્વારા તલોદની પુંસરી ખાતેથી સવારે કરવામાં આવ્યો હતો અને બપોર પછી પ્રાંતિજના પોગલુ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહીને કરાવ્યો હતો. પ્રાંતિજના બાલીસણા ખાતે પણ અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ શ્રીમતી સંગીતસિંહ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો. પોગલુ ખાતે ઉપસ્થિત મંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે રમતગમત સહિત વિવિધ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યાં હતા. બાળકોને પણ પોષણ આહાર પીવડાવવામાં આવ્યો હતો.



આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સાબરકાંઠા કલેક્ટર સી.જે. પટેલ, વડાલી પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી, મહંત સુનીલદાસજી મહારાજ, પોગલુ સરપંચ રમીલાબેન પટેલ, પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા, તાલુકા વિકાસ અધિકારી એન.એસ. પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર એ.એચ. સોલંકી, ભાજપ તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, રણજીતસિંહ રાઠોડ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે આંગણવાડી વર્કર અને આશાવર્કર બહેનો તલાટી પોગલુ ગામ સહિત આજુબાજુમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.